અપીલ અરજી નં.૪૨૮ તા.૨૯–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– (૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન, મધ્ય.મહેકમ)
(૨) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)
(૩) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
(૪) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ (સો.વે.મે.)
(૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)
(૬) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૭) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૦–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) શ્રી સી.જે. ગામિત ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તા.૨–૨–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ નં.૩૭૪૧ થી માહિતીમાં કુલ–૬૪૭ ડ્રાઈવરોના નામ, કર્મચારી નં. અને ઝોન સહિતની સંખ્યા જણાવેલ છે. હેવી વ્હીકલ ફોર વ્હીલ વ્હીકલના નામ નંબર સહીતની ૬૪૭ ડ્રાઈવરો સાથેની માહિતી મુદ્દા નં.૧ થી ૯ ની આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૮/૨૦૧૦–૧૧.

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૦–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) શ્રી સી.જે. ગામિત ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તા.૨–૨–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ નં.૩૭૪૧ થી માહિતીમાં કુલ–૬૪૭ ડ્રાઈવરોના નામ, કર્મચારી નં. અને ઝોન સહિતની સંખ્યા જણાવેલ છે. હેવી વ્હીકલ ફોર વ્હીલ વ્હીકલના નામ નંબર સહીતની ૬૪૭ ડ્રાઈવરો સાથેની માહિતી મુદ્દા નં.૧ થી ૯ ની આપવા બાબતે આપેલ માહિતી અયોગ્ય ,અસત્ય અને અપુરતી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭ તા.૬–૪–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જણાવ્યા મુજબ અયોગ્ય , અસત્ય અને અપુરતી માહિતીના દાવા અંગે જાહેર માહિતી અધિકારી દીઠ મુદ્દા વાર સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૦ તા.૧૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૬૨૮ તા.૧૧–૨–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ, ચીફ ફાયર ઓફિસર, કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન, ઉધનાઝોન, કતારગામઝોન,, અઠવાઝોન ,ડ્રેનેજ , હાઈડ્રોલીક તથા આરોગ્ય અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૧ તા.૭–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જાવક /જીએડી/ઈએસટી/૨૦૭ તા.૨૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ સે.ઝોન/આરટીઆઈ/ ૧૬૨૮ તા.૧૧–૨–૧૧ ના પત્રની નકલ, ડે.કમિ.(પઅનેઈ) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૮૩ તા.૨૨–૨–૧૧ થી તમામઝોન, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ, સેન્ટ્રલસેલ, એસેસમેન્ટ એન્ડ ડાયરેકટ ટેક્ષ વિભાગ, ગાર્ડન, સરથાણા નેચરપાર્ક, ટ્રાફીક સેલ, વર્કશોપ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસ, વોચ એન્ડ વોર્ડ, ડ્રેનેજ , હાઈડ્રોલીક, સો.વે.મે., વીબીડીસી, માર્કેટ, મોબાઈલ ડીસ્પેન્સરી, વેકશીનેશન, સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, આઈસીડીએસ ઘટક–૧ –૨–૩, આરોગ્ય વિભાગને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૦ તા.૨૧–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૩–૧–૧૧ ના તબદીલ પત્ર અને તા.૧–૨–૧૧ ના રોજ આપેલી માહિતી અને મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૧૭ તા.૩–૪–૧૧ ના તથા પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૯૪ તા.૧૧–૪–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં ઉધનાઝોન ડેપો ખાતે ફરજ બજાવતા આરોગ્ય વિભાગના ૧ થી ૨૩ ડ્રાઈવરોનું ગાડી નંબર અને ગાડીના પ્રકાર સાથેની તથા એન્જી. વિભાગના ૧ થી ૨૮ ની યાદીની નકલ, અરજદારની તા.૨ ૪–૨–૧૧ ની અરજી અને તબદીલ પત્ર, અરજદારને પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૮૧ તા.૯–૨–૧૧ , સા.ઝોન/આરોગ્ય/૮૮ તા.૧–૩–૧૧ નં.સા.ઝોન/આરોગ્ય/૮૩ તા.૧૭–૨–૧૧ થી ડ્રાઈવરોની યાદી અંગેની

માહિતીની નકલ, સા.ઝોન/આરોગ્ય/૯૨ તા.૪–૩–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેની નકલ અત્રે મળેલ છે. વર્કશોપ તરફથી ૨૨૨ વ્હીકલ અંગે અરજદારની તા.૧૨–૧–૧૧ ની અરજી અંગે આપેલ માહિતીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૨–૧૧ ની અરજીથી ફોર વ્હીલ વ્હીકલ સામે ડ્રાઈવરોની માહિતી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ડે.કમિ.(પઅનેઈ) એડી.સીટી ઈજનેર , ચીફ ફાયર ઓફિસર, સીટી ઈજનેર, ઝોનલચીફ સેન્ટ્રલઝોન, કાર્યપાલક ઈજનેર સા.વેસ્ટઝોન, રાંદેરઝોન, પર્સોનલ ઓફિસર અને ડે.કમિ.(હે અને હો) ને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૨૮ તા.૧૧–૨–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ ચીફ ફાયર ઓફિસર, કાર્યપાલક ઈજનેર રાંદેર,ઉધના, કતારગામ, અઠવાઝોન, ડ્રેનેજ , હાઈડ્રોલીક અને આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી જીએડી/ઈએસટી/૩૯૮૩ તા.૨૨–૨–૧૧ થી તમામઝોન, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ, સેન્ટ્રલસેલ, એસેસમેન્ટ એન્ડ ડાયરેકટ ટેક્ષ વિભાગ, ગાર્ડન, સરથાણા નેચરપાર્ક, ટ્રાફીક સેલ, વર્કશોપ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસ, વોચ એન્ડ વોર્ડ, ડ્રેનેજ , હાઈડ્રોલીક, સો.વે.મે., વીબીડીસી, માર્કેટ, મોબાઈલ ડીસ્પેન્સરી, વેકશીનેશન, સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, આઈસીડીએસ ઘટક–૧–૨–૩, આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૪૯૪ તા.૨૪–૨–૧૧ થી લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ઝુ. સુપ્રિ. તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૦૮૬ તા.૨૫–૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી ઓટો વર્કશોપ/૯૮૬ તા.૧–૩–૧૧ થી , જાહેર માહિતી અધિકારી અને ચીફ સીકયુરીટી વોચ એન્ડ વોર્ડ તરફથી વોચ એન્ડ વોર્ડ નં.૮૪૯ તા.૩–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(હેઅનેહો), પીએચડી/વીએસ તરફથી પત્ર નં.૧૧૪૫ તા.૧–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. ફાયનાન્સ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/ ૨૭૫ તા.૪–૩–૧૧ થી જંતુનાશક અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૨૧૭૯ તા.૪–૩–૧૧ થી , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી પત્ર નં.વીઆઈડી/૧૯૪૫ તા.૮–૩–૧૧ થી , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી ટ્રાફીક તરફથી ટ્રાફીકસેલ/આ.નં.૨૦૭૧ તા.૧૧–૩–૧૧ થી , ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૧૭૩ તા.૨૨–૩–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની મુળ અરજીના મુદ્દા નં.(૧) શ્રી સી.જે. ગામિત ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૨–૨–૧૧ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ નં.૩૭૪૧ થી માહિતીમાં કુલ–૬૪૭ ડ્રાઈવરોના નામ, કર્મચારી નંબર અને ઝોન સહિતની સંખ્યા જણાવેલ છે. હેવી વ્હીકલ ફોર વ્હીલ વ્હીકલના નામ નંબર સહીતની ૬૪૭ ડ્રાઈવરો સાથેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમને ખાતાની લગતી માહિતીમુદ્દામાં જણાવેલ તારીખે અને નંબરથી ડ્રાઈવરોના નામ, ડ્રાઈવરને ફાળવેલ ખાતા કે ઝોનનું નામની યાદી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારને અગાઉની અરજીના સમયે વખતોવખત લીસ્ટ આપવામાં આવ્યાનું પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૭૬ તા.૨૪–૩–૧૧ ના પૂર્તતા રીપોર્ટમાં જણાવવામાં આવેલ છે તેવું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ છે અને તેઓને હેવી વ્હીકલનો પ્રકાર નંબર અને તેમની ફરજ અંગે લાગત ખાતા/ઝોનને પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૮૩ તા.૨૨–૨–૧૧ થી લાગત જાહેર માહિતી અધિકારીઓને આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ તબદીલ કરેલ છે. તેથી અરજદારે મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડેલ નથી તેવી રજૂઆત અસ્થાને છે. મુદ્દા નં.(૨) શ્રી સી.જે. ગામિત (નોર્થઝોન) ડે.કમિ.(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૨૯–૧–૧૧ ના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૮૬૭ ની માહિતીમાં આરોગ્ય વિભાગમાં કુલ ૨૨ ફોર વ્હીલ હેવી –લાઈટ વ્હીકલની સામે કુલ ૩૧ ડ્રાઈવરો જણાવેલ છે અને તેમાં પણ ૭ ડ્રાઈવરો સ્પેરમાં જણાવેલ છે. ૯ વધારાના ડ્રાઈવરોની નિમણુંક અંગેની તથા ૭ ડ્રાઈવરો સ્પેરમાં હોવા છતાં ૬ ડ્રાઈવરોને કોન્ટ્રાકટમાં રાખવા અંગેની , ૯ ડ્રાઈવરોના કુલ માસિક પગારની અને ડ્રાઈવરોના કોન્ટ્રાકટની માસિક રકમ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય વિભાગ ધ્વારા ૨ તથા લોકસેવા વિભાગ મળી કુલ ૫ ડ્રાઈવર સ્પેરમાં દર્શાવવામાં આવેલ છે જેનો ઉપયોગ બાકીના ડ્રાઈવરોના વીકલી ઓફ બીજા ડ્રાઈવરોની રજાના દિવસોમાં કામમાં લેવામાં આવે છે. આમ આરોગ્ય વિભાગ અને લોક સેવા વિભાગ મળી કુલ ૫ ડ્રાઈવર જ સ્પેર એટલેકે રીલીવર છે. તેમજ તમામ કર્મચારીની ફાળવણી શીડયુલ મુજબ કરવામાં આવતી હોય છે. ઉપરોકત તમામ ડ્રાઈવરોના પગાર અંગેની માહિતી સુરત મહાનગરપાલિકાની WWW.suratmunicipal.gov.in પર ઉપલબ્ધ છે. હાલમાં કોન્ટ્રાકટકીય ધોરણે આપવામાં આવેલ એજન્સીના ૮ ડ્રાઈવરોની માહિતી આ સાથે સામેલ છે તેમજ નિમણુંક અને પગાર અંગેની કામગીરી વર્કશોપ મારફતે કરવામાં આવે છે. ઉપરોકત તમામ હકીકત તેમજ સુરત મહાનગરપાલિકાની કામગીરી ધ્યાને લઈ આ લીસ્ટમાં ડ્રાઈવરો પૈકી કોઈ ફાજલ રહેતું નથી. જે અંગે અરજદારે કોન્ટ્રાકટના ડ્રાઈવરોની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ માહિતી જણાવવી જોઈએ તેવી રજૂઆત કરેલ છે . કોન્ટ્રાકટના ડ્રાઈવરોની માહિતી તેઓ જાણતા નથી તે અધૂરી છે તેવું જણાવેલ છે. જે માહિતી મુળ અરજીથી અરજદારે માંગેલ જ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તે અંગે લાગત ખાતા અને જાહેર માહિતી અધિકારીની વિગતો પૂરી પાડેલ છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તે મુજબ જણાવેલ છે. મુદ્દા નં.૩ શ્રી બી.આઈ. દલાલ એડી.સીટી ઈજનેર અને

જાહેર માહિતી અધિકારીના તા.૨૦–૧–૧૧ ના પત્ર નં.ડીએનજી/ આરટીઆઈ/ નં.૩૫ ની માહિતીમાં ડ્રેનેજ ખાતામાં કુલ હેવી લાઈટ– વ્હીકલની સંખ્યા ૨૧ જણાવેલ છે અને ડ્રાઈવરોની કુલ સંખ્યા ૨૫ જણાવેલ છે જેમાં વધારાના ૪ ડ્રાઈવરોની નિમણુંક અંગેની તથા ૪ ડ્રાઈવરોના માસિક પગાર સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી મુદ્દા નં.૩ અન્વયે સુરત મહાનગરપાલિકાની વર્તમાન કાર્યપધ્ધતિને ધ્યાને લેતાં ડ્રેનેજ વિભાગ હસ્તક કોઈ વધારાના ડ્રાઈવર નથી તેવું જણાવેલ છે. વધુમાં ડ્રાઈવરની નિમણુંક અને પગાર સંબંધિત માહિતી નકલના રૂા.૨૦/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ છે. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૨૩૭૭૩૧ તા.૧૪–૩–૧૧ થી નાણા ભરપાઈ કરેલ છે જે બાબતે નકલ મળેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૪ ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧૭–૧–૧૧ ના પત્ર નં.એસબી/એસપી/ નં.૧૯૧૩ ની માહિતીમાં કુલ ૧૦૦ ફોર વ્હીલ વ્હીકલ સામે ૧૩૭ ડ્રાઈવરોની સંખ્યા જણાવે છે જે વધારાના ૩૭ ડ્રાઈવરોની નવી નિમણુંક કરવા તથા ૩૭ ડ્રાઈવરોના માસિક પગાર સહિતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. પરંતુ અરજદાર અપીલ તબકકે અપીલ ફોર્મ કે અપીલની નારાજગી વિવરણમાં સદર જાહેર માહિતી અધિકારીને તકરારી મુદ્દા પરત્વે પક્ષકાર બનાવેલ નથી કે માહિતી આપવા અપીલ તબકકે રજૂઆત કરેલ નથી. મુદ્દા નં.(૫) શ્રી જે. એસ. શાહ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના તા.૨–૨–૧૧ ના પત્ર નં.એફબી/એસપી/ નં. ૪૨૫૪ ની માહિતીમાં હાઈડ્રોલીક વિભાગમાં કુલ ૧૮ વ્હીકલ સામે ૧૭ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. બીજા વિભાગમાં સ્પેરમાં વધારાના ડ્રાઈવરો હોવા છતાં એક વધારાનો ડ્રાઈવર ન રાખવા અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી હાઈડ્રોલીક વિભાગની માહિતી પત્ર નં.એચઈડી/આંન.૪૨૫૪ તા.૨૨–૨–૧૧ ના રોજ મોકલવામાં આવેલ જેમાં કુલ ૧૮ વાહનો સામે ૧૭ ડ્રાઈવર જણાવેલ છે અને ક્રમાંક ૧૮ અન્વયે ડીવીડર મશીન કોન્ટ્રાકટથી સોપાયેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૨૮–૧–૧૧ ના પત્ર નં.પીએચડી/સો.વે.મે./ આંન.૧૯૪૮ ની માહિતીમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કુલ ૫૧ ફોર વ્હીલ વ્હીકલની સંખ્યા સામે ૩૧ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે વધારાના ૨૦ ડ્રાઈવરો અન્ય વિભાગમાં સ્પેરમાં હોય જેની નિમણુંક ન કરવા અંગેની માહિતીની નકલ તથા ૨૦ વધારાના ફોર વ્હીકલ હેવી લાઈટ –વ્હીકલ સો.વે.મે. વિભાગમાં રોકી રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્રની નં.પીએચડી/સોવેમે/૨૧૫૨ તા.૧૦–૩–૧૧ થી મહાનગરપાલિકાની પ્રવર્તમાન કાર્યપધ્ધતિને અનુરૂપ વાહન/ડ્રાઈવરો વધારાના નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં તેવો પ્રશ્ન અયોગ્ય અને અસત્ય માહિતી આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ ૨૦ ડ્રાઈવરની ખાલી જગ્યા અને ૨૦ વાહનોની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.૭ શ્રી એમ ડી. દારૂવાલા સેન્ટ્રલઝોન ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧–૨–૧૧ ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૫૪૨ ની માહિતીમાં સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ હેવી વ્હીકલી સંખ્યાની સામે કુલ ૪૭ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે ૬ વધારાના ડ્રાઈવરો રાખવા અંગેની તથા ૬ વધારાના ડ્રાઈવરોના માસિક પગારની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.૮ સા.વે.ઝોનના કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૩–૨–૧૧ ના પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૨૭૩ માં કુલ ૪૭ ફોર વ્હીકલ સામે ૪૩ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. ૪ ઘટતા ડ્રાઈવરો અન્ય વિભાગમાં હોય જેની નિમણુંક ન કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. પરંતુ અરજદાર અપીલ તબકકે અપીલ ફોર્મ કે અપીલની નારાજગી વિવરણમાં સદર જાહેર માહિતી અધિકારીને તકરારી મુદ્દા પરત્વે પક્ષકાર બનાવેલ નથી કે માહિતી આપવા અપીલ તબકકે રજૂઆત કરેલ નથી. મુદ્દા નં.૯ વેસ્ટઝોનના પર્સોનલ ઓફિસરની માહિતીમાં કુલ ૫૦ ફોર વ્હીકલની સામે ૬૯ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે જેના અનુક્રમ નં.૪૮ થી ૬૨ કુલ ૧૯ વધારાના ડ્રાઈવરોની નિમણુંક એપ્રિન્ટીસ ટ્રેની તરીકે છે કે ૯૩ ખાલી જગ્યાના ડ્રાઈવરોની જાહેરાતમાં જે ૨૧૮ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી તૈયાર કરેલ તેમાંથી નિમણુંક આપેલ છે તે અંગેની સ્પષ્ટતા કરતી માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૮૦૧ તા.૭–૩–૧૧ થી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે જે મુજબ અનુક્રમ નં.૪૪ થી ૬૨ માં અગાઉ આપેલ માહિતીમા સ્પષ્ટપણે તાલીમાર્થી ડ્રાઈવર હોવાનું જણાવેલ છે.જે ૬૯ ડ્રાઈવરોની સંખ્યા આપી છે તે પૈકી છ ડ્રાઈવરો રાંદેરઝોનમાંથી પગાર મેળવી અન્ય ઝોન અથવા ખાતામાં ફરજ બજાવે છે. બાકીના છ વધારાના ડ્રાઈવરો સીફટમાં (રિલીવર) તરીકે ફરજ બજાવે છે તેથી વધારાના કોઈ ડ્રાઈવર નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં સીફટ બાબતે મુળ અરજીથી અલાયદો વધારાનો પ્રશ્ન અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. જયારે પગારની માહિતી બાબતેની રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલી વેબસાઈટ ઉપર માહિતી ઉપલબ્ધ છે. અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૯૨ તા.૪–૩–૧૧ થી મુદ્દા નં.૧ થી ૯ થી માહિતી સત્તા મંડળ હેઠળ આવતી નથી. તેવી આપેલી માહિતી અંગે અરજદારે અપીલમાં રજુઆત કરેલ છે. અરજદારની મુળ અરજીના સંદર્ભે મુદ્દા નં.૧ થી ૯ માં ઉધનાઝોન અંગેની કોઈ માહિતી

માંગવામાં આવેલ નથી તેથી જેના અનુસંધાને મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી સત્તા મંડળ હેઠળ આવતી ન હોવાનું જણાવેલ છે તથા અરજદારે પણ અપીલ તબકકે મુળ અરજીમાં તેવી કોઈ માંગણી ન હોવા છતાં અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારને સા.ઝોન/આરોગ્ય/૮૧ તા.૯–૨–૧૧ થી, સા.ઝોન/આરોગ્ય/૮૮ તા.૧–૩–૧૧, કરેલ છે. સા.ઝોન/આરોગ્ય/૮૩ તા.૧૭–૨–૧૧ થી માહિતી પૂરી પાડેલ છે તેવું જણાવેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે અપીલમાં મુળ અરજીથી તારીખ ૧૦–૧–૧૧ જણાવેલ છે. વાસ્તવમાં તે ૧૦–૨–૧૧ છે. ઉપરાંત અરજદારની અપીલમાં તથા મુળ અરજીમાં રજૂઆત સુવાંચ્ય અને સ્વયં સ્પષ્ટ નથી. તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં લઈ નિકાલ કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૭ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૬ અંગે ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી સો.વે.મે. ને ૫૧ વાહનો સામે ૩૧ જ ડ્રાઈવરો હોવાની આપેલ માહિતીના ઉપલક્ષ્યમાં વધારાના ૨૦ વાહનોના ઉપયોગ બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા જણાવવામાં આવે છે. મુદ્દા નં.૩ અંગે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી પત્ર નં.૪૫ તા.૮–૩–૧૧ ના સંદર્ભે અરજદારને ફી ભરપાઈ કરેલ હોઈ નકલ પૂરી પાડવા જણાવવામાં આવે છે. મુદ્દા નં.૯ અંગે અરજદારે ડ્રાઈવરોની સીફટ અને રીલીવર બાબતે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદા અને નિયમો અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન, મધ્ય.મહેકમ), (૨) ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (વર્કશોપ),(૩) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),(૪) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ (સો.વે.મે.) ,(૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ),(૬) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) , (૭) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) .......જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર